સુવિચાર : પ્રારબ્ધ એ ઈશ્વરનું ઉપનામ છે, પ્રભુ જે કૃતિને પોતાનું નામ નથી આપવા માંગતો તેને તે પ્રારબ્ધનું તખલ્લુસ અર્પણ કરે છે - સંત રોબિન

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૬૧ | ૨૧ ઓગસ્ટ, ૨૦૧૫, શુક્રવાર ; શ્રાવણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




## ફટાફટ ન્યુઝ

- રિલાયન્સ અને બિરલા સહિત ૧૧ને પેમેન્ટ બેંકની લીલીઝંડી
- ભારતીય અર્થતંત્રમાં સુધારો થશે : રાજને આપેલી ખાતરી
- લાંચ રિશ્વત કેસમાં કામતના આવાસ, ઓફિસ પર દરોડા
- આસામ : પુરની સ્થિતી ફરી વણસી , બે લાખ મુશ્કેલીમાં
- આંતરરાષ્ટ્રીય સરહદે ફરીથી ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ
- તીવ્ર વેચવાલી વચ્ચે સેન્સેક્સ ૩૨૩ પોઈન્ટ ઘટી બંધ રહ્યો
- સ્પાઈસ જેટ દ્વારા ફરી સસ્તી ટિકિટની ઓફર કરી દેવાઈ
- આરબીઆઈ પર રેટમાં કાપ મુકવા માટેનું દબાણ વધ્યું છે
- રાજસ્થાનમાં મ્યુનિસિપલ ચુંટણીમાં ભાજપનો સપાટો

# એનએસએ સ્તરની મંત્રણા પર સંકટના વાદળો

**સરતાઝ અજીજ હુર્રિયત નેતાને દિલ્હીમાં મિટિંગ પહેલા મળશે : હુર્રિયત નેતાઓને ફરી એકવખત નજરકેદ હેઠળ પકડી લેવામાં આવે તેવી પણ શક્યતા : ૨૩મી ઓગસ્ટની બેઠકના કાર્યક્રમમાં પ્રાથમિક ફેરફાર કરાયો**

નવી દિલ્હી,તા. ૨૦

ભારત અને પાકિસ્તાન વચ્ચે એનએસએ સ્તરની મંત્રણા ફરી વિવાદના ઘેરામાં આવી ગઈ છે. સુત્રોના જણાવ્યા મુજબ, પાકિસ્તાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સરતાઝ અજીજના ભારત આવવાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેના ભાગરૂપે સરતાઝ અજીજ પહેલાં હુર્રિયત નેતાઓ સાથે દિલ્હીમાં વાતચીત કરશે ત્યારબાદ ભારતમાં એનએસએ અજીત ડોભાલ સાથે વાતચીત કરશે. રિપોર્ટમાં જણાવાયું છે કે, હુર્રિયતના નેતાઓને ફરી એકવાર નજરકેદ હેઠળ લેવામાં આવી ચુક્યા છે. સુત્રોના જણાવ્યા મુજબ, ૨૩મી ઓગસ્ટના દિવસે સરતાઝ અજીજ હુર્રિયત નેતાઓ સાથે વાતચીત કરશે અને પાકિસ્તાન હાઈકમિશનમાં હુર્રિયત નેતાઓ સાથે ડીનર કરશે. ત્યારબાદ તેમની ભારતની સાથે વાતચીત શરૂ થશે.

૨૩મી ઓગસ્ટના દિવસે તેઓ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે વાતચીત કરશે. સૈયદઅલી શાહ ગિલાની અને મિરવાઈઝ ઉમર ફારુક સહિત ટોચના કાશ્મીરી અલગતાવાદી નેતાઓને આજે નજરકેદ હેઠળ પકડી લેવામાં આવ્યા હતા. પરંતુ કલાકોના ગાળા બાદ જ તેમને છોડી મુકવામાં આવ્યા હતા. આ કાર્યવાહીને પાકિસ્તાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સરતાઝ અજીજની સાથે દિલ્હીમાં રવિવારના દિવસે તેમની સુચિત બેઠકને જોઈને જોવામાં આવે છે.

પોલીસે આજે સવારે હુર્રિયત કોન્ફ્રન્સના અલગતાવાદી નેતા મિરવાઈઝ ઉમર ફારુક, મૌલાના મોહમ્મદ અબ્બાસ અંસારી, મોહમ્મદ અશરફ સહેરાઈ, શબ્બીર અહમદ શાહ અને અયાજ અકબર સહિત કેટલાક અલગતાવાદી નેતાઓની ગતિવિધિ ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. પહેલાથી જ નજરકેદ હેઠળ રહેલા હુર્રિયત કોન્ફ્રન્સના કટ્ટરપંથી વર્ગના પ્રમુખ

● અનુસંધાન પાન-૫ પર

# પૂર્વ નાણામંત્રી સનત મહેતાનું નિધન

**મુખ્યમંત્રી સહિત રાજકીય આગેવાનોની ભાવભીની અંજલિ**

અમદાવાદ, તા. ૨૦

ગુજરાત રાજકારણમાં શ્રેષ્ઠ પાલર્મિન્ટરીયન ગણાતા ભુતપૂર્વ નાણા પ્રધાન અને જીવનના અંતિમ શ્વાસ સુધી સમાજના ગરીબ કચડાયેલા અને જરીયાત વર્ગના લોકો માટે લડતા રહેલા સનતભાઈ મહેતાનું આજે ૯૦ વર્ષની વયે વડોદરા ખાતેની હોસ્પિટલમાં અવસાન થતાં ઘેરા શોકની લાગણી ફેલાવા પામી છે. નર્મદા યોજના, અગરીયાઓના પુર્નોધ્ધાર, સિંચાઈ નાણા, સહિતના વિવિધ વિભાગોમાં નેત્રદિપક કામગીરી કરનાર અને નાણા વિભાગ જેવી ગંભીર જવાબદારી કરનાર સનતભાઈ મહેતા છેલ્લા કેટલાક સમયથી



● અનુસંધાન પાન-૫ પર

# પાટીદાર મહારેલી જીએમડીસી ગ્રાઉન્ડ પર યોજવા સરકારની મંજુરી

અમદાવાદ, તા.૨૦

પટેલ સમુદાય અનામતની માંગને લઈને આક્રમક મૂડમાં છે.

**પટેલ સમુદાયની રેલીના ભાગરૂપે રિવરફ્રન્ટ ખાતે પાર્કિંગને મંજુરી-વિશાળ પટ્ટા પર વાહનો પાર્કિંગ કરવાની મંજુરી : અમદાવાદની મહારેલીને લઈને તૈયારીઓ આરંભાઈ : પટેલ સમુદાય લડાયક મૂડમાં**

રાજ્યના જુદા-જુદા વિસ્તારોમાં રેલીઓનો દોર આજે પણ યથાવત રીતે જારી રહ્યો હતો. દરમિયાન તમામની નજર અમદાવાદ ઉપર કેન્દ્રીત થયેલી છે. આજે મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં તંત્રએ અમદાવાદમાં યોજાનારી પાટીદાર મહાક્રાંતિ રેલીના મામલે હળવું વલણ અપનાવ્યું હતું અને પાટીદાર સમુદાયને અમદાવાદ શહેરના જીએમડીસી ગ્રાઉન્ડ ઉપર મહા રેલી યોજવાની મંજુરી આપી હતી. જોકે, પાર્કીંગ માટે રિવરફ્રન્ટ આપવાનો પણ નિર્ણય કરાયો હતો. બપોર બાદ કોર્પોરેશનની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં આ અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે હવે રિવરફ્રન્ટ ઉપર વિશાળ જગ્યામાં પાર્કિંગની મંજુરી આપવામાં આવી છે. રિવરફ્રન્ટ પર માત્ર પાર્કિંગ કરી શકાશે.

જ્યારે જીએમડીસી ગ્રાઉન્ડ પર રેલીને મંજુરી આપવામાં આવી છે. આના માટે કેટલીક શરતો પણ લાદવામાં આવી છે.

આજે મળેલી બેઠકમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, કમિટીના બધા જ સભ્યો, પોલીસ આઈપીએસ અધિકારી, ક્રાઈમબ્રાંચના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પાટિદાર સમુદાયના લોકો આંદોલન માટે આક્રમક દેખાઈ રહ્યા છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે હળવું વલણ અપનાવ્યું છે.



**માર્ગો ભીંજાયા** - શહેરની સડકો ગુરૂવારે સાંજે શ્રાવણના સરવરિયાથી ભીંજાઈ હતી... દિવસમાં એકાદ વખત હળવા વરસાદનો છંટકાવ શહેરમાં થાય છે અને ચોમાસાની યાદ અપાવે છે... વાતાવરણમાં બદલાવ લાવે છે... ભીના-ભીના માર્ગો ચોમાસાનું સૌંદર્ય પ્રગટાવે છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# પાટીદાર આંદોલનને બેચર ભાદાણીનો ખુલ્લો ટેકો

અમદાવાદ,તા. ૨૦

રાજયના માજી કૃષિ મંત્રી અને એક સમયે નરેન્દ્ર મોદી સામે બગાવત કરનારા બેચરભાઈ ભાદાણીએ ભાજપના તમામ હોદ્દાઓ પરથી રાજીનામું ધરી પાટીદાર અનામતની લડતને ખુલ્લો ટેકો જાહેર કર્યો છે. તેમના આ પગલાથી ભાજપમાં ભૂકંપની સ્થિતી સર્જાઈ છે. એક તરફ સરકાર આ આંદોલનને દબાવવા પ્રયાસ કરી રહી છે. તેની વચ્ચે ભાજપના જ અમરેલી જીલ્લાનાં આગેવાનો હવે પાટીદારોની લડત માટે ખુલ્લેઆમ સામે આવી રહ્યા છે.

**પૂર્વ કૃષિ મંત્રીએ ભાજપમાંથી રાજીનામું આપ્યું : હવે ભાજપના અમરેલી જિલ્લાના આગેવાનો પાટીદારની લડત માટે મેદાનમાં ઉતર્યા : રાજ્ય સરકાર સામે પડકાર**

અગાઉ ધારી બગસરાના ધારાસભ્ય નલિનભાઈ કોટડિયાએ પણ પાટીદારોની લડતને ખુલ્લુ સમર્થન આપી જરૂર પડ્યે આ મુદ્દે ધારાસભ્ય પદેથી રાજીનામુંઆપવાની પણ તૈયારી બતાવી હતી. હવે લાઠીના માજી ધારાસભ્ય એવા માજી કૃષિમંત્રી, મોરબી વિધાનસભા સીટના ભાજપના ઈન્ચાર્જ તથા કિસાન મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ બેચરભાઈ ભાદાણીએ તો ભાજપમાંથી જ રાજીનામું ધરી દીધું છે.

# સુખ-સુવિધા કરની વસુલાત માટે શહેરની પાંચ હોટલોને નોટીસ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરની અને જિલ્લાની પાંચ હોટલોને સુખ-સુવિધા કર સમયસર નહિ ભરવા માટે પ્રાંત કચેરી દ્વારા નોટીસો ફટકારવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે હોટલ નારાયણી ફાર્મ એન્ડ રિસોર્ટ, કેમ્બે સ્પા એન્ડ રિસોર્ટ સે. ૨૫, હોટલ અંજલિ ઈન ધણપ, રાધે ગેસ્ટ હાઉસ તેમજ હોટલ શગુનના સંચાલકોને આ નોટીસ ફટકારવામાં આવી છે.

કેમ્બે સ્પા એન્ડ રિસોર્ટ દ્વારા તો છેલ્લા એક વર્ષથી નિયત કરાયેલા પત્રકો પણ ભરીને નહિ મોકલવામાં આવતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે અને આના સંચાલકો સામે ફોજદારી કાર્યવાહી કેમ ના કરવી તેમ પણ નોટીસમાં દર્શાવ્યું છે.

**હોટલ કેમ્બે સ્પા એન્ડ રિસોર્ટ; નારાયણી હોટલના સંચાલકો પણ તંત્રની અડફેટે ચડ્યા**

આ હોટલ સંચાલકો દ્વારા ૧૫ લાખથી પણ વધુ રકમનો સુખ-સુવિધાકર ચુકવવામાં આવ્યો નહિ હોવાની વિગતો પણ બહાર આવવા પામી છે.

પ્રાંત અધિકારી દ્વારા સરકારી લેણાંની વસુલાત માટે ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ હોટલ સંચાલકોને નોટીસો ફટકાર્યા બાદ શહેરની અને જિલ્લાની અન્ય હોટલોનો પણ સર્વેલન્સ શરૂ કરવામાં આવ્યો હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

તંત્ર દ્વારા આગામી દિવસોમાં વધુ હોટલ સંચાલકોને પણ આવી નોટીસો ફટકારવામાં આવે તેમ મનાઈ રહ્યું છે.




